સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

એક છીંકના છાકોટાથી ડરી ક્યાં ભરાઈ ગયો ?
ખાંસીના એક ખોંખારે, ખડતલ કયાં ખોવાઈ ગયો ?
છૂપાઈ ગયો ક્યાં 'માણસ'! શોધે છે કોરોના ચેપ -
પછાડે માથું યમ, શૂરવીર કયાં સંતાઈ ગયો ?
(લોકડાઉનનો કડક અમલ)

હાઈકુ

રાખો સંયમ...
પાડો 'ધર્મ'ની જેમ -
બધા નિયમ...
(ચૂસ્ત પાલન જરૂરી)

રહે વિભક્ત -
સંયુક્ત પરિવાર,
છે એક છત...
(તન-મન-ધનથી દૂરી)

ચિંતન

અભિવાદન શીલસ્ય, નિત્યંવૃદ્ધો પસેવિનઃ ।
ચત્વારિ તસ્ય વર્ધન્તે આયુર્વિદ્યા યશો બલમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પોતાનાં પૂજ્ય, વડીલો વૃદ્ધોને આદર માન અને વિનય-વિવેકથી પૂજવાવાળા સંતાનોની ઉંમર, વિદ્યા, યશ અને બળની પ્રાપ્તિ થાય છે. વડીલોના આશીર્વાદથી આ ચાર બાબતો મળે છે - વધે છે.

આજકાલનાં સંતાનોને વિનય-વિવેકના સંસ્કાર મળી રહ્યા નથી. ખરેખર દરેક મા-બાપોએ જ જાગૃત રહીને કેમ બોલવું, કેમ વર્તવું, વંદન-પૂજનની ટેવ પ્રસંગોપાત જાતે જ રાખવી જોઈએ.

વિનય-વિવેક એ સંસ્કાર અને ગળથૂથીની બાબત છે. અમુક નાનાં બાળકોને પણ બહુવચનથી 'તમે'ના સંબોધનથી બોલાવવામાં આવે છે. 'તુંકારો' એમણે સાંભળ્યો જ ન હોય તો જીભ પર કેમ આવે ? આમ વર્તન-પરિવર્તનનો પ્રભાવ. સંસ્કાર અને ટેવથી જ આવે છે. ઘરના વાતાવરણ - વર્તાવનો પ્રભાવ બાળકો શીખવ્યા વગર જ અપનાવે છે. માટે ઘરના તમામ સભ્યોએ એકમેક તરફ વિનય - વિવેક - આદરથી જ વર્તવું જોઈએ.

સુવિચાર

- મળ્યો અંધાર તો જાતે દીવો થઈને બળી લીધું...
  સૂરજ કે ચંદ્ર પાસે નથી એક કિરણ માંગ્યું !! - **ગની દહીંવાલા**
- મનને સત્યથી ભરેલું રાખવું એ જ અસત્યને દૂર કરવાનો માર્ગ છે - **સ્ટેન માર્ટિન**
- સૂરજ તપતો હોય છે ત્યાં સુધી જ મુગટ સોનેરી હોય છે - **બર્મીઝ કહેવત**
- મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્મવિનિગ્રહ અને ભાવની શુદ્ધિ એ માનસીક તપ છે - **ગીતા**
- સમતા અને સંવાદવાળું આચરણ જેનું રહ્યું,
  તે સ્થાન પામે વિશ્વમાં નક્કી મહામાનવ તણું - **માધુરી દેશ પાંડે**
- હું પ્રાર્થના કરી રહ્યો છું એની જેને જાણ નથી એ માણસ શ્રેષ્ઠ પ્રાર્થના કરે છે - **સુધર્માશ્રીજી**
- આજનું ઔષધ : સ્નાન વખતે પાણીમાં જૈતુનના તેલના થોડા ટીપા ભેળવવાથી ત્વચા રૂક્ષ થતી નથી

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

તૈમુર લંગ એક કટ્ટર અને ખૂંખાર બાદશાહ હતો. બગદાદમાં અનેકની હત્યા કરી. અનેકને ગુલામો બનાવ્યા. એકવાર દરબારમાં તેના સૈનિકોએ તુર્કિસ્થાનથી પકડેલા ગુલામો દરબારાં રજૂ કર્યા. તેમાં એક જાણીતો શાહ એહમદી પણ હતો. તૈમુરે એ એહમદી ને બે ગુલામો તરફ ઈશારો કરીને પૂછ્યું, 'તમે કવિઓ માણસ જોઈને પારખી શકો છો તો આ બે ગુલામોની શી કિંમત હોઈ શકે...??' અહમદીએ કહ્યું, 'એક ગુલામ એક હજાર અશર્ફીનો છે. બે ગુલામની કિંમત બે હજાર અશર્ફી થશે.' આ સાંભળી તૈમુરે અભિમાનપૂર્વક પૂછ્યું, 'મારી કિંમત આંકી બતાવો.' શાયર એહમદીએ વિના વિલંબ કહ્યું, 'હશે પચ્ચીસ અશર્ફી...!!' આ સાંભળી તૈમુરને ગુસ્સો આવ્યો. તેણે એહમદીને કહ્યું, 'બદમાશ, પચ્ચીસ અશર્ફીમાં તો મારો સદરો પણ બની શકે તેમ નથી. અને તું મારી કિંમત ફક્ત પચ્ચીસ અશર્ફી કેવી રીતે આંકી શકે ?' એહમદીએ શાંતિપૂર્વક કહ્યું, 'આ કિંમત તો એ સદરાની છે... તમારી કોઈ જ કિંમત ન હોઈ શકે... કેમ કે... જે માણસ પીડિતોની કોઈ સેવા કરી શકતો નથી. કત્લ કરે છે પણ કોઈનું રક્ષણ કરી શકતો નથી. અસહાય લોકોને મદદરુપ થતો નથી. તે ગમે તેવો મોટો માણસ હોય તેનું મૂલ્ય ચાર કોડી પણ ન ગણાય. તેના કરતા તો તમારા ગુલામો સારા...' શાયર એહમદીનો જવાબ સાંભળી તૈમુરનો અહંકાર ઓગળી ગયો.

શિસ્તબદ્ધ પર્વોને ઉજવીએ

તંત્રીસ્થાનેથી...

હિંદુઓનો વૈશાખ અને મુસ્લિમોનો રમજાન. બેઉની જુગલબંધી પૂરા એક મહિના સુધી ચાલશે. હોટસ્પોટ બની ગયેલા અમદાવાદ અને અન્ય શહેરોના વિસ્તારોમાં સરકારે નાછૂટકે કરફ્યૂ નાખવો પડ્યો હતો. પવિત્ર રમજાનની ખરીદી માટે બહાર તો નીકળવું પડે. એટલે વિવેકપૂર્વક સરકારે શુક્રવારની સાંજથી કરફ્યૂ ઉઠાવી લેવાની જાહેરાત કરી છે. ખરી કસોટી હવે પ્રજાજનોની છે. કોરોના ઈન્ફેક્શનને કારણે દુનિયા આખી એક અકલ્પનીય ભીંસ અનુભવી રહી છે. જેની કોઈ દવા જ નથી, જે દવાઓ ઉપલબ્ધ છે તે પણ આંશિક રીતે જ ઉપયોગી છે - એવી આ જીવલેણ બીમારીનો ચેપ જોતજોતામાં આખી સૃષ્ટિ પર ફરી વળ્યો છે. માનવજીવનના પ્રસ્થાપિત આયામો પર તાળાબંદી લાગી જાય ત્યારે બધું અડવું - અડવું લાગે, અકળામણ વધી જાય. તહેવાર વખતે પણ ઘર બહાર ન નીકળી શકાતું હોય, મંદિર-મસ્જિદમાં દર્શન કરવા કે નમાઝ પઢવા ન જઈ શકાતું હોય ત્યારે સ્વાભાવિક રીતે જ શ્રદ્ધાળુ માનસમાં સ્ટ્રેસ વધે. ચેપ સામેની બીજી કોઈ ઢાલ ઉપલબ્ધ હોત તો વિશ્વમાં કોઈ પણ જગ્યાએ આવા લાંબા સમયના લોકડાઉન જેવા આદેશો અમલમાં ન જ મુકાયા હોત. એ આદેશો કરનારા પણ આપણા જેવા જ માણસો છે. એમને હરવાફરવાનું, ટોળા ભેગાં કરવાનું અને મોટા આયોજનો કરી વાહવાહી મેળવવાનું ગમે છે. એટલે ખરું પૂછો તો વધારે અકળામણ તો આપણાં કરતાં એ નેતાઓ અનુભવતા હશે. વિચાર તો કરો : કોઈના વડીલનું અવસાન થાય અને સ્મશાનયાત્રામાં પણ ગણતરીના સ્વજનો જોડાય, એ પણ એકમેકથી અંતર જાળવીને ઊભા હોય; બેસણું પણ ન રાખી શકે - એ કેવી કરુણતા છે ! ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જન્મદાતા પિતાશ્રીનું અવસાન થાય અને પોતે એમને અગ્નિદાહ આપવા ન જઈ શકે, તે કોઈ નાનીસૂની બાબત છે ? સંન્યાસીને પણ માતાપિતા પ્રત્યે તો સામાન્ય ગૃહસ્થ જેટલો જ લગાવ હોય. આદિ શંકરાચાર્યની જયંતિ વૈશાખ સુદ પાંચમે આવી રહી છે. માતાએ એ શરતે સંન્યાસ લેવા દીધેલો કે હું મરું ત્યારે તારે આવવું પડશે. હિંદુ સનાતન ધર્મના સૌથી મોટા આદિ જગદ્‌ગુરુ પણ માતાને અગ્નિદાહ આપવા પહોંચી ગયા હતા. આદિત્યનાથ નથી જઈ શક્યા; કોરોનાને કારણે ! રમજાન ઈદ જેવી જ પવિત્ર તિથિ આપણી અક્ષયતૃતીયા. અખાત્રીજ - કોઈ પણ શુભ કાર્યો માટેનું શ્રેષ્ઠ મુહૂર્ત. કોરોનાને લીધે સરજાયેલ પરિસ્થિતિમાં નવાં સાહસો પાછાં ઠેલાશે, બલકે સરકારે તો એવી કંપનીઓ કે જે નાણાંકીય ભીડ અનુભવી રહી હોય એમને દેવાળિયા બની જવાની છૂટ આપી છે. આવા વિકટ સંજોગોમાં પ્રજા પર કરફ્યૂ જેવું ક્રૂર બંધન લાદી રાખવાથી ઘણી માનસિક સમસ્યાઓ ઊભી થઈ શકે. એટલે સરકારે આયોજનપૂર્વક કર્ફ્યૂ હટાવવાનો નિર્ણય કર્યો છે. પરંતુ કોરોનાનો કેર તો અકબંધ છે, બલકે અમદાવાદમાં તો એ કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યો છે. આવા સંજોગોમાં રમજાન કે લગ્નસરા આવે ત્યારે પ્રજાને જાતે જ આત્મસંયમ રાખી બધું ઘર-ઘરમાં પતાવવામાં શ્રેય છે. ખુદ દિલ્હીની જામા મસ્જિદના શાહી ઈમામે રમજાનની નમાજ ઘરમાં જ પઢવાની સલાહ આપી છે. આશા રાખીએ કે સુજ્ઞ પ્રજાજનો પોતાની સલામતી ખાતર આવા અણગમતા આદેશો પણ ઉલટભેર અનુસરી એક દાખલો બેસાડશે. યુરોપ-અમેરિકાની સરખામણીએ આપણા દેશમાં કોરોનાનો ચેપનું પ્રમાણ અને એથી થનાર મૃત્યુની સંખ્યા ઘણી ઓછી છે. જે સ્થિતિ જળવાય અને કોરોનાની ઝપેટમાંથી વેળાસર બહાર આવીએ, એ જ અભ્યર્થના.

જિસ ઈન્સાન કા મકસદ સિર્ફ નુકશાન હો... ઉસસે કીસી કા ફાયદા નહીં હો સકતા...

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

જિસ ઈન્સાન કા મકસદ સિર્ફ નુકશાન હો.... ઉસસે કીસી કા ફાયદા નહીં હો સકતા...
-પંકજ કપૂર (મકબૂલ)

ઈ.સ. ૨૦૦૩માં વિશાળ ભારદ્વાજ નિર્દેશિત 'મકબૂલ' ફિલ્મ શેક્સપિયરનું પ્રખ્યાત નાટક 'મેકબેથ' નું સંપૂર્ણ બોલીવૂડ દેશી વર્ઝન હતું... અને તેમાં દરેકનું કામ અફલાતૂન હતુ... ઈરફાન ખાન, તબ્બુ અને પંકજ કપૂર ઉપરાંત ઓમપુરી અને નસીરુદ્દીન શાહ જેવા ધરખમ કલાકારો આ ફિલ્મનું જમાપાસુ હતા.... આ ફિલ્મના સંવાદ પણ વિશાળ ભારદ્વાજે જ લખ્યા હતા.

જહાંગીર ખાનનું પાત્ર ભજવતો પંકજ કપૂર ઉપરનો સંવાદ બોલે છે... જે વ્યક્તિને આશય કોઈનું બૂરું કરવાનો અથવા તો નુકશાન કરવાનો જ હોય તે, વ્યક્તિથી કોઈને ફાયદો થઈ શકતો નથી, નિયતનો કપટી અને ધૂર્ત વ્યક્તિ કયારેય કોઈને હિતેચ્છુ બની શકતો નથી.

આવા જ અર્થસામ્યવાળું એક સુભાષિત પંચતંત્રમાં મળી આવે છે :

ઘાતયિતુમેવ નીચઃ પરકાર્યં વેત્તિ ન પ્રસાધયિતુમ્ ।
પાતયિતુમસ્તિ શક્તિર્વાર્યોર્વૃક્ષં ન ચોન્નમયિતુમ્ ॥

- નીચ વ્યક્તિ બીજાનું કામ બગાડવાનું જ જાણે છે. સુધારવાનું કે સુશોભિત કરવાનું નથી જાણતો.. વાયુની શક્તિ વૃક્ષને પાડવા માટે જ હોય છે, તેને વળી પાછું ઉઠાવવા માટે નહીં...

અખૂટ શક્તિના ધની વ્યક્તિ પણ નીચ(કપટ) મનસાવાળા જો હોય તો તેની અઢળક શક્તિ માત્ર કાર્યને રગદોળવા માટે જ થાય છે.

કેવી રીતે સજ્જનોનું કાર્ય ખોરંભે ચડાવવું અથવા તો બગાડવું તે જ તે નીચ વ્યક્તિનો મૂળ ઉદ્દેશ્ય હોય છે.

પંચતંત્ર, મેકબેથ કે મકબૂલ સમય ભલે કયાં નો કયાં પહોંચી જાય આવા કપટી અને ધૂર્ત વ્યક્તિ ત્યારે પણ હતા અને અત્યારે પણ છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

૨૬મી એપ્રિલે 'ઈ-કવિ સંમેલન'



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકા, મેઘધનુષ **(Boston)** અને ટીવી એશિયા દ્વારા ગુજરાતી કાવ્ય 'ઈ-કવિ સંમેલન'એટલે કે, વિશ્વના સિતારાઓનું વ્યોમમિલન તા.૨૬મી એપ્રિલ-૨૦૨૦ ને રવિવારના રોજ **11-30am EST 9-00pm IST (check in) 12,noon EST (program) 9-30pm IST** યોજાશે; જેમાં વ્યોમવિહાર કરશે (૧) દિલીપ રાવલ (૨)અશરફ ડબાવાલા (૩)ઉદયન ઠક્કર (૪) શોભિત દેસાઈ (૫) તુષાર શુક્લ (૬) ચંદ્રકાન્ત શાહ (૭) મુકુલ ચોક્સી (૮)એષા દાદાવાળા(૯) હિતેન આનંદ પરા અને(૧૦) મુકેશ જોશી.

આ કાર્યક્રમ શિકાગો આર્ટ સર્કલ, ગુજરાતી લિટરરી સોસાયટી ઑફ યુએસએ અને ગુજરાતી સમાજ ઑફ સેન્ટ લુઈસના સૌજન્યથી અને નરેન્દ્ર ભાલોદકર તથા પદ્મશ્રી એચ.આર.શાહ (ટીવી એશિયા)ના વિશેષ આભારસહ રજૂ થશે.

આ માટે ગુજરાતી લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકાના, રામ ગઢવી - ૯૭૩૬૯૯૮૫૮૨; આશિષ દેસાઈ - ૮૬૨૨૨૧૬૬૯૫ આને ગિનિ માલવિયા - ૬૦૯૯૨૪૨૫૯૭નો સંપર્ક કરી શકાશે.

આ માટે **Zoom-Meeting ID 5139805106, Meeting pass word: 451451**

https://Zoom.us/j/5139805106 જુઓ.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

સંસ્કૃતિ : સર પટ્ટણીની લોક જાગૃતિની ખેવના

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જગનિયંતાની પ્રસન્નતા માટે તથા કુદરતનું કરજ ચૂકવી આપવાની ઉંડી ખેવના સાથે જેણે જીવનનૈયાને હલેસા માર્યા છે તે ધન્ય છે. ''બહુરત્ના વસુંધરા'' ના ખોળામાં ભાવનગર રાજયના વહીવટદાર તથા દીવાન રહેલા સર પટ્ટણી આવા એક અનોખા પથિક હતા. પ્રભાશંકરના સુદીર્ઘ જીવનમાં (૧૮૬૨-૧૯૩૮) સંધ્યાકાળે ૪૨ દિવસનો જે સમયગાળો છે. તેનું એક વિશેષ મહત્વ છે. મોટા ગામતરે જતાં પહેલા ડહાપણ અને અનુભવથી વૃધ્ધિ પામેલા આ વૃધ્ધે નાદુરસ્ત તબીયત હોવા છતા સ્વયં સ્ફૂરણાથી દૂર સુદૂરના ગામડાઓનો પ્રવાસ કર્યો. ભાવનગર રાજયના ગામોનો જે પ્રવાસ તેમણે કર્યો તેની કથા કોઇ પરીકથા જેવી રમણીય છતાં ગાંભીર્ય તથા ઉદારતાના ગુરુશિખર સમાન ભવ્ય લાગે છે. ઉત્તમ વહીવટના નીચોડ સ્વરૂપે તેમણે કહેલો પ્રતિશબ્દ કોઇપણ કાળમાં સાંપ્રત તેમજ ઉપયોગી લાગે તેવો સમૃધ્ધ છે. ઉંચડી તેમજ ઝાંઝમેર નામના બે નાના ગામોની મુલાકાત સમયે પટ્ટણીજી મુલાકાતે આવેલા સમુહને સંબોધન કરતા કહે છે.:

''ગ્રામ પંચાયતો પોતાનુ કામ સારી રીતે કરતી હોય તે જરૂરી છે. પંચાયત એટલે માત્ર રાજયની વસૂલાત કરતી કે રાજયના કાગળોની આપ-લે કરતી સંસ્થા નથી. પંચાયતોએ લોકોના કજીયા-કંકાસનું સમાધાન કરવું જોઇએ. ગામ સમુહના પ્રશ્નોના નિકાલ માટે તત્પર રહેવું જોઇએ. ગામડાઓની તંદુરસ્તીની વ્યવસ્થા માટે પ્રવૃત્ત થવું જોઇએ. ગામની શાંતિ- સલામતી તથા રક્ષણની વ્યવસ્થા પણ ગામના યુવાનોએ જાળવવાનો પ્રયાસ કરવો જોઇએ. સારી પંચાયતો હોય ત્યાં પોલીસ અમલદારે શા માટે આવવું જોઇએ ?''

ઉપર કેટલાંક દાખલાઓ આપ્યા છે તેવી તો અનેક વાતો આ દેહથી ડગમગી ગયેલા અડીખમ વૃધ્ધે લોકોની વચ્ચે જઇને કરી લોકો સાથે આંખમાં આંખ પરોવીને કરી. પોતે રાજયના દીવાન હતા મહારાજા સાહેબ માટે પણ માનવંતા હતા. આ બધુ હોવા છતા કોઇ પણ જાતના દંભ- દેખાવ કે અહમને વચ્ચે લાવ્યા સિવાય આ જ્ઞાનથી પરિપકવ થયેલા કર્મવીરે લોક સંવાદની જે અનોખી શૈલિ કે પ્રણાલિનુ સ્થાપન પોતાના જીવનના સંધ્યાકાળે કરેલું છે તે બાબત કોઇપણ રાજય માટે ચિરકાળ સુધી મોડેલ બની રહે તેવી છે. પૂરી શાસન વ્યવસ્થાનો છેવાડાનો કહેવાય છતા સૌથી મહત્વનો કહેવાય તેવા ગ્રામ એકમની મજબૂતીને દૃઢ કરવા પાછળ આ વિચક્ષણ વહીવટદારની દૃષ્ટિમાં કેટલી સમજ તથા સૂઝ હશે તેનો વિચાર કરતા પણ હેરત પામી જવાય તેમ છે. સમગ્ર રાજયતંત્રની કોઇ પણ કડી નબળી હોય તો પરિણામ નબળુ આવે તેની સ્પષ્ટ દૃષ્ટિ આવા સમર્થ વહીવટકર્તાઓની હોય છે. આવી નબળાઇને ડામવા લોક માનસમાં પરિવર્તન એ પટ્ટણી સાહેબની આ ઐતિહાસિક યાત્રાનો ઉદ્દેહ હતો. સર પટ્ટણી તો ગામ લોકો સાથેની સંવાદયાત્રા દરમિયાન જ ફેબ્રુઆરી-૧૯૩૮માં સ્વધામ ગયા. પરંતુ સ્વરાજયનું સુરાજયમાં કેવી રીતે પરિવર્તન કરી શકાય તેનું દિશાદર્શન કરાવીને ગયા. એપ્રીલ મહીનાની પંદરમી તારીખે સર પટ્ટણીની જન્મ જયંતી આવતી હોવાથી આ મહામાનવની સ્મૃતિ ફરી તાજી થાય છે. તેમણે કહેલા શબ્દોની સૌરભ આજે પણ તરોતાજા લાગે છે. અનંત સૃષ્ટિમાં ઉજળો ચમકાર થઇને વીલીન થયેલા તેજપુંજ સમાન તેમનું જીવન તથા યોગદાન સમયની સરાણે મૂલવીએ તો સુવર્ણ સમાન સ્થાયી તથા તેજયુકત દેખાય છે.

ભાવનગર રાજયે તથા વ્યકિતગત રીતે પટ્ટણી સાહેબે પંચાયત રાજયના મજબૂતીકરણ માટે સેવેલો આવો આગ્રહ ઐતિહાસિક ઘટના છે. યોગાનુયોગ આઝાદી મળ્યા પછી પંચાયતી રાજયની બ્લુપ્રિન્ટ સમગ્ર દેશ માટે તૈયાર કરનાર બળવંતરાય મહેતા પણ ભાવનગરના સંતાન હતા. મહેતા સમિતિની ભલામણો પરથી દેશમાં પંચાયતી રાજયની સ્થાપનાનું કાર્ય સરળ બની શકયું. જો મજબૂત પંચાયત હોય તો લોકોના સ્થાનિક તથા નાના-મોટા પ્રશ્નોનું નિરાકરણ પંચાયત કક્ષાએજ થઇ શકે. આજે પણ આ બાબત એટલીજ સાચી છે. ઝીણાભાઇ દરજી, રીખવદાસ શાહ (મહેસાણા) કે વલ્લભાઇ પટેલ (રાજકોટ) જેવા સ્વીકૃત લોકનેતાઓએ પંચાયત રાજયના પાયા મજબૂત કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું. આ બધા મહાનુભાવોની દૃષ્ટિ વહીવટમાં લોકભાગીદારીને ખરા અર્થમાં સક્રિય કરવાની હતી. એક અથવા બીજા સ્વરૂપે પંચ કે પંચાયતનુ પ્રભુત્વ આપણે ત્યાં લાંબા સમયથી હતુ. આ સંદર્ભમાં વિનોબાજીનું એક વિધાન વાંચ્યુ હતું. તે ખૂબજ અર્થપૂર્ણ છે. વિનોબાજી કહેતા કે દેશ પરાધિન હતો ત્યારે ગામડા આઝાદ હતા. આવું વિધાન પંચાયતોના માળખાની જૂની પધ્ધતિનો નિર્દેશ કરે છે હાલની સ્થિતિ, વિનોબાજીની દૃષ્ટિ તેમજ આપણાં વલણની કડક ચકાસણી આપણેજ કરવી રહી. અનેક કિસ્સાઓમાં પંચાયતો દાવાદૂવી તથા આંતરિક વેરઝેરથી દુષિત શા માટે બની? પંચાયત એજ આપણી ન્ફ્રજં-દ્વેક્ષી ર્ક્ષહીર્જીર્દ્બેઅ છે. નબળી કે ટૂંકા દૃષ્ટિકોણ વાળી પંચાયતોથી સબળા વહીવટનો ઉદ્દેશ સિધ્ધ થવો મુશ્કેલ છે. માનવ સૂચકાંકના માપદંડોમાં માનભર્યુ સ્થાન મેળવવા માટે પંચાયતોની અસરકારકતા દ્વારા લોકશાહી પાયામાથી નકકર તથા નરવી કરવી પડશે. ગામડાઓમાં (શહેરોમાં પણ) વધતો જતો કુસંપ, ખેતીમાં ઉત્પાદકતાનો પશ્ન તેમજ વ્યસનોનું પ્રમાણ એ ગંભીર સ્વરૂપે વિકાસની સમગ્ર વાતને નિરર્થક કરી શકે તેવો પડકાર છે. પાણી, શિક્ષણ તેમજ આરોગ્યના અનેક પ્રશ્નો હજુ પણ અકળાવે તેવા છે. આ સ્થિતિમાં લોક ભાગીદારી તેમજ મજબૂત પંચાયતોનું માળખું સ્થિતિમાં બદલાવ માટે જરૂરી લાગે છે. સર પટ્ટણીનુ આ બાબતનું નિદાન સમયની સરાણે આજે પણ ખરું છે. સર પટ્ટણીના જીવનના અનેક ઉજળા પાસા છે. ''ઉઘાડી બારી'' અને ખુલ્લુ મન રાખીને આપણાં આ વહીવટના મનિષીને વંદન કરવાનો તથા તેમની કાર્યપધ્ધતિને અનુસરવાનો સમય છે.

મહાત્મા : મરકી મહામારી સામેનો એકલ લડવૈયો

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

સફાઈ કામ જાતે કરીને કોરોના વોરિયર બનવાની શ્રેષ્ઠ તક

દક્ષિણ આફ્રિકામાં શેઠ અબ્દુલ્લાના કેસની સુખદ સમાધાની બાદ ગાંધીજીએ ગિરમીટીયાઓના શોષણ અને એમના પરના અત્યાચાર સામે લડતનું નેતૃત્વ કર્યું હતું. ગાંધીજીએ દ. આફ્રિકામાં વસતા હિંદીઓના સેવાકાર્યો કરવાનું હાથ ધર્યું હતું. ગાંધીજીની મુખ્ય અભિલાષા તો આત્મદર્શનને પામવાની હતી. અને ઈશ્વર સુધી પહોંચવાની હતી. એમણે 'ઈશ્વરની ઓળખ સેવાથી થશે.' એમ માન્યું હતું. એ મુજબ સેવાધર્મનો સ્વીકાર કર્યો હતો. સેવા અને વિવિધ પ્રશ્નોના કારણે દ. આફ્રિકામાં વધુ રહેવું પડશે એમ જણાતાં ગાંધી છ મહિના માટે ભારત પરત ફરીને કુટુંબ સાથે દ.આફ્રિકા પાછા જવાનો નિર્ણય લીધો હતો. એ મુજબ તેઓ ભારત આવ્યા હતા. એ સમયે રાજકોટમાં રોકાયા ત્યારે તેમણે દ.આફ્રિકાના હિંદીઓની સ્થિતિ વર્ણવતું 'લીલું ચોપાનિયું' તૈયાર કર્યું હતું. એ સમયે મુંબઈમાં મરકી ફાટી નીકળી હતી. રાજકોટમાં પણ તે ફેલાવાનો ભય હતો. એ જોઈને ગાંધીજીએ આરોગ્ય ખાતા સાથે મળીને ગાંધીજીએ પાયખાનાની સફાઈ-સ્વચ્છતાનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. સમગ્ર હિંદુસ્તાનમાં સ્વચ્છતા અભિયાનનો આવો પ્રયોગ અમલ એ અગાઉ કયાંક નોંધાયો ન હતો. પાયખાના સફાઈનો અનુભવ વર્ણવતા ગાંધીજી કહે છે : અમારો સામાન્ય અનુભવ એ થયો કે ધનિક વર્ગમાં પાયખાના વધારે ગંદા જોવામાં આવ્યા. તેમાં અંધારું, બદબો અને પાર વિનાની ગંદકી. બેઠક ઉપર કીડા ખદબદે. જીવતે નરકવાસમાં જ રોજ પ્રવેશ કરવા જેવું એ હતું.'

આમ, ગાંધીજીએ સ્વચ્છતાનો કાર્યક્રમ કરીને એ સમજણ આપવાનો પ્રયત્ન કર્યો કે ગંદકી પ્રત્યેની આપણી સૂગ આપણને તેનાથી દૂર ભાગવા પ્રેરે છે અને પરિણામે ગંદકી વધે છે અને રોગ ફેલાય છે. આપણે આપણાં જ નિવાસસ્થાનની આસપાસની જગ્યાએ ગંદી કરી તેને સ્વચ્છ કરવાનું કર્તવ્ય અદા કરતા નથી. અને જે સ્વચ્છતાનું કામ ઉપાડનાર છે તેમને હિંદુ સમાજે હડધૂત કર્યો અને એને અસ્પૃશ્ય ગણ્યો છે. માત્ર થોડા દિવસોના સ્વદેશ રોકાણ દરમિયાન ગાંધીજી આવી રીતે રચનાત્મક કાર્યોને મરકીની મહામારીમાથી બચવા માટે ગુંથીને ગયા હતા.

દક્ષિણ આફ્રિકામાં એક વખત તેમના આંગળે એક રક્તપિત્તનો દર્દી આવ્યો હતો. તેની સેવા સારવાર કરીને સરકારી હોસ્પિટલમાં તેને દાખલ કરાવ્યો હતો. એ દિવસથી ગાંધીએ રોજ નાની હોસ્પિટલમાં જઈ માંદા માણસોની સેવા કરવાનું કર્મ શરૂ કર્યું હતું. આ નાનકડાં કામમાંથી શીખીને તેમને બૉઅરના યુદ્ધ સમયે અગિયારસો હિંદીઓની સેવા ટુકડી બનાવી હતી. યુદ્ધના એ સમયમાં આ હિંદી ટુકડીએ યુદ્ધના ઘાયલોને ડોળીમાં ઊંચકી લાવીને તેમની સારવાર કરવાની સેવા પ્રવૃત્તિ કરી હતી.

ગાંધીજીને જયારે આફ્રિકામાં હિંદીઓનું કામ વ્યવસ્થિત ગોઠવાઈ ગયું છે એમ લાગ્યું ત્યારે ૧૯૦૧માં તેઓ ગોખલેના હાથ નીચે હિન્દમાં જાહેર કામ ઉપાડવા માટે પરત ફર્યા હતા. તે સમયે કલકત્તામાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા ગયા હતા. પણ કોંગ્રેસ મહાસભાના સ્થળે અણઘડ સ્વયંસેવકો, ધુમાડિયું રસોડું, અપાર ગંદકી, દુર્ગંધ મારતા પાયખાનાં વગેરે જોઈ તેઓ અકળાયા અને એમણે જાતે સફાઈનું કાર્ય શરૂ કર્યું. ગાંધી જયાં અવ્યવસ્થિત સ્થિતિ જોવે પછી તે સ્વચ્છતા બાબતની હોય કે દફતરના કાગળોને સરખા કરવાની તરત જ એ કામ કરવા લાગતા હતા. સ્વચ્છતાનો ગાંધી મંત્ર આ હતો. આવા કામો માટે વાતો થકી જનજાગૃતિ કરવાના બદલે પોતાના કામ તેઓ કરતા હતા.

પણ ગાંધી વધુ જાહેર કામો હિંદમાં શરૂ કરે એ પહેલાં દ. આફ્રિકાથી સતત જલ્દી પરત પરવા તેમને સૂચનો આવતા રહ્યા. આથી તેઓ ફરી દ. આફ્રિકા ગયા. એ બાર વર્ષના પુનઃ આફ્રિકા ગમન દરમિયાન તેમણે 'મરકી'નો ભોગ બનેલા હિંદીઓ માટે સેવાકાર્ય કર્યું હતું.

જોહાનિસબર્ગમાં એક 'કુલી લોકેશન' હતું. જે હિંદીઓ મજૂરી કામ અર્થે આવતા તેમેન 'કુલી' તરીકે ગોરાઓ સંબોધતા હતા. કુલીઓ જે વિસ્તારમાં રહેતા હતા તેની બાજુમં આવેલી સોનાની ખાણમાં મરકી ફાટી નીકળી હતી. જેનો ભોગ કુલી લોકેશનના ત્રેવીસ નિવાસી બન્યા હતા. ગાંધીજીને આ વાતની ખબર પડતાં તેમને સેવા શરૂ કરી દીધી હતી. દર્દીઓને સૌપ્રથમ અલગ કરીને તેમના સાથીયો સાથે દિવસરાત એમની સેવા-સુશ્રુષા હાથ ધરી હતી. ખાસી સેવા છતાં વીસ દર્દીઓ અને તેમની સેવા કરતી એક મ્યુનિસિપલ કોર્પોરેશનના નર્સ બહેનનો મરકીઓ ભોગ લીધો હતો. સ્થાનિક નગરપાલિકા તંત્રએ કુલી લોકેશનમાં મરકી ફેલાવાની શરુઆતથી જ એ પછી જમીનનો કબજો લીધા છતાં પણ આરોગ્ય અને સ્વચ્છતા જાળવવા કોઈ સગવડ નહોતી કરી. આવી બેદરકારી સામે ગાંધીજીએ તંત્રનો ઉધડો લેતો જાહેર પત્ર અખબારમાં લખ્યો. મરકીગ્રસ્ત કુલી લોકેશનમાં રહેનારાઓને તંબુમાં વસાવીને તેમણે આ ગંદકી અને રોગચાળાગ્રસ્ત 'કુલી લોકેશન'ની હોળી કરાવીને રોગત્રસ્ત હિંદી મજૂરોને તેમણે રહેવાની સારી વ્યવસ્થા પૂરી પાડી.

આમ, ગાંધીએ 'મરકી' મહામારી સમયે પોતાના દેશ અને પરદશ બંને સ્થળોએ એક લડવૈયા તરીકેની શ્રેષ્ઠ કામગીરી કરી. આ કામ પોતે જ શરુ કરવાનો પ્રયોગ તેમણે કર્યો હતો. અત્યારના સમયની વર્તમાન કોરોના મહામારી સામે આપણે પણ ના કરી શકીએ ? સોશિયલ મીડિયા પર બેનર હાથમાં પકડીને કોરોના વોરિયર્સને સલામી આપવી એ જેટલું ઉપયોગી કાર્ય આપણને લાગે છે તેમ આ કામ પણ મહત્ત્વનું છે. ઘરની બહાર નીકળવાનું નથી એવા સમયે આપણે એક કામ તો સરસ રીતે કરી શકીએ. આપણા ઘરની સ્વચ્છતાનું. સફાસફાઈનું. સફાઈ કામદારોને પણ ઘર છે પરિવાર છે, એનું કામ આપણે ના કરી શકીએ ? જો કરી શકીએ તો આપણે પણ લડવૈયા જ કહેવાઈએ. સમય પસાર કેમ કરવો ? એના પ્રેરણાદાયી વ્યાખ્યાનો કરવા મને સાંભળવા કરતા આ કામનો પ્રયોગ વધુ શ્રેયસ્કર છે. આવો, આપણે ગાંધી માર્ગે ચાલીએ. સફાઈ કામદારનું કામ જાતે કરીએ.